**ભારત અને પાકિસ્તાન દ્વારા પરમાણુ કેન્દ્રોની સૂચિની આપ-લે**

**01 જાન્યુઆરી, 2025**

ભારત અને પાકિસ્તાને આજે રાજદ્વારી ચેનલો દ્વારા, નવી દિલ્હી અને ઈસ્લામાબાદ ખાતે એકસાથે, પરમાણુ કેન્દ્રો અને સુવિધાઓની સૂચિની આપ-લે કરી, જે ભારત અને પાકિસ્તાન વચ્ચે પરમાણુ કેન્દ્ર અને સુવિધાઓ સામે હુમલાના પ્રતિબંધ પરના કરાર હેઠળ આવરી લેવામાં આવેલ છે.

2. આ કરાર, જેના પર 31 ડિસેમ્બર 1988 ના રોજ હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા અને જે 27 જાન્યુઆરી 1991 ના રોજ અમલમાં આવ્યો હતો, તેમાં અન્ય બાબતોની સાથોસાથ, ભારત અને પાકિસ્તાન દરેક કેલેન્ડર વર્ષની પહેલી જાન્યુઆરીના રોજ આ કરાર હેઠળ આવરી લેવામાં આવનાર પરમાણુ કેન્દ્રો અને સુવિધાઓની એકબીજાને જાણ કરે તે બાબત શામેલ છે. બંને દેશો વચ્ચે આવી સૂચિની આપ-લે આ સતત 34મી વખત થઈ છે, જે સૌપ્રથમ વખત 1 જાન્યુઆરી, 1992 ના રોજ કરવામાં આવી હતી.

**નવી દિલ્હી**

**01 જાન્યુઆરી, 2025**